**SMST R No. 25/2023**

==============================================================

**<u>સંક્ષિપ્ત મુકદમા નં. ૨૫/૨૦૨૩</u>**

## <u>આંક– ૧ લગત થી દિવાની કાર્યરીતી સંહીતા ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧(ડી) મુજબ હુકમ.</u>

(૧) હાલના કામે વાદી કોર્પોરેશન બેંકે પ્રતીવાદીઓ સામે લોનની લેણી રકમ મેળવવા માટેનો દાવો **<u>તા. ૧૩/૦૯/૨૩</u>** ના રોજ દાખલ કરેલો છે. દાવા અરજી તથા સંલગ્ન દસ્તાવેજો આંક ૩ થી રજુ કરેલા છે તે વંચાણે લેવામાં આવે તો વાદી બેંકે આ કામના પ્રતિવાદીઓ પાસેથી **<u>રૂા.૪, ૫૧,૨૦૫/– અંકે ચાર લાખ એકાવન હજાર બસો પાંચ પુરા</u>** વસુલ મેળવવા દાખલ કરેલ છે. જે દાવામાં વાદીએ **<u>રૂા. ૧૩,૧૫૦/–</u>** ની કોર્ટ ફી પણ ભરેલ છે.

(૨) હવે જયારે કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ દિવાની કાર્યરીતી સંહીતા ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧ મુજબની અરજી દાવાના નિકાલ પહેલા કોઈ પણ તબકકે આપી શકાય અને હાલ સદર દાવો વાદીની દલીલના તબકકા પર છે. આ માટે સીઈપીઈસીઈઓર્ડરઢ૭લ રૂલઢ૧૧ ની જોગવાઇ મુજબની કરવામાં આવેલ છેઈ દાવા અરજીના મથાળામાં રકમ **<u>રૂા.૪, ૫૧,૨૦૫/– અંકે ચાર લાખ એકાવન હજાર બસો પાંચ પુરા</u>** નો દાવાનો આંક જણાવેલ છે. વધુમાં જયારે વાદીની દાવા અરજીનાં **<u>પેરા–૧૦</u>** માં દાવાની લેણી રકમની હકીકતો જણાવેલ છે તેમાં પણ તે જ રકમ દર્શાવેલ છે. તેમજ જયારે દિવાની કાર્યરીતિ સંહિતા ૧૯૦૮ ના હુકમ –૭ નિયમ–૧૧(ડી) મુજબની કોર્ટ દવારા નિર્ણય કરતી વખતે દાવા અરજીની સમગ્ર હકીકતો ફ્રોમ ટોપ ટુ બોટમ જોવામાં આવવી જોઈએ તથા દાવા અરજીની એન્ટાયર હકીકતો નીગાહમાં લઈ યોગ્ય તે ન્યાયિક નિર્ણય કરવામાં આવવો જોઈએ. અત્રે ઉલલેખનીય છે કે આ કામે પ્રતિવાદીઓ હાજર થયેલા નથી. ત્યારે અરજીનો ન્યાયીક નિર્ણય કરતા અગાઉ સીઈપીઈસીઈઓર્ડરઢ૭લ રૂલઢ૧૧ ની જોગવાઇ વંચાણે લેવી જરૂરી જણાય છેઈ જે નીચે મુજબ છે.

**<u>Order 7 Rule-11</u> :-**

<u>Rule-11</u>: The plaint shall be rejected in the following cases:-

(a) Where it does not disclose a cause of action;

(b) Where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) Where the relief claimed is properly valued, but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp paper within a time to be fixed by the Court, fails to do so;

(d) Where the suit appears from the statement in the plaint to be barred by any law;

(e) Where it is not filed in duplicate;

(f) Where the plaintiff fails to comply with the provisions of rule 9

Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-papers shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature from correcting the valuation or supplying the requisite stamp-papers, as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.

X=X=X=X=X=X

આમ ઉપરોકત દિવાની કાર્યરીતી સંહીતા ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧(ડી) વંચાણે લેતા જયારે અદાલતને દાવા અરજીમાં લખેલ મજકૂર ઉપરથી એમ જણાય કે હાથ ઉપરના દાવા ને કોઈ કાયદાનો બાધ નડે છે અને તેવા કાયદાકીય બાધ ના કારણે દાવો ચાલવાને પાત્ર નથી તેવા સંજોગોમાં અદાલતે દાવા અરજી નામંજૂર કરવી જોઈશે.

(૩) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના અદાલત ના **The Church of Christ Charitable Trust & Educational Charitable Society Vs. M/s. Ponniamman Educational Trust** ના **2012(2) G.L.H. 713** ના ચુકાદામાં જે જણાવેલ છે તેને ચર્ચા કરવી જરૂરી જણાતી હોવાથી નીચે મુજબ ટાંકવામાં આવેલ છે.

આ ચુકાદા માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના જ **Saleembhai and Ors. Vs. State of Maharastra and Ors.** ના **(2003) (1) SCC 557** ના ચુકાદાને રીફર કરેલ છે જે વંણાણે લેતા તેમાં ઠરાવેલ છે કે**,**

*For the purposes of deciding an application under clauses (a) and (d) of Rule 11 of Order VII CPC, the averments in the plaint are germane; the pleas taken by the defendant in the written statement would be wholly irrelevant at that stage, therefore, a direction to file the written statement without deciding the application under Order VII Rule 11 CPC cannot but be procedural irregularity touching the exercise of jurisdiction by the trial court…….”* It is clear that in order to consider Order VII Rule 11, the Court has to look into the averments in the plaint and the same can be exercised by the trial Court at any stage of the suit. *It is also clear that the averments in the written statement are immaterial and it is the duty of the Court to scrutinize the averments/pleas in the plaint. In other words, what needs to be looked into in deciding such an application are the averments in the plaint. At that stage, the pleas taken by the defendant in the written statement are wholly irrelevant and the matter is to be decided only on the plaint averments.*

ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલત ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા દિવાની કાર્યરીતી ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧(ડી) મુજબની અરજી નો નિર્ણય કરતી વખતે દાવા અરજી માં જણાવેલ હકીકતો ધ્યાને લેવાની હોય છે અને લેખીત નિવેદન ની હકીકતો અપ્રસ્તુત હોય તેની કોઈ હકીકતો ધ્યાને લેવાની હોતી નથી**,** જેથી દિવાની કાર્યરીતી ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧(ડી) મુજબની અરજી નો નિર્ણય કરતી વખતે દાવા અરજીનો જવાબ આપવો જરૂરી નથી.

(૪) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના **Sopan Sukhdeo Sable & Ors vs Assistant Charity Commissioner & Ors** ના **(2004) 3 SCC 137** ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ

સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાનાજ **Saleembhai and Ors. Vs. State of Maharastra and Ors.** ના **(2003 (1) SCC 557)** ના ચુકાદાને રીફર કરેલ છે જે વંચાણે લ ેતા તેમાં ઠરાવેલ છે કે,

In Saleem Bhai and Ors. v. State of Maharashtra and Ors. (2003 (1) SCC 557) it was held with reference to Order VII Rule 11 of the Code that the relevant facts which need to be looked into for deciding an application thereunder are the averments in the plaint. *The trial Court can exercise the power at any stage of the suit - before registering the plaint or after issuing summons to the defendant at any time before the conclusion of the trial.*

ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલત ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા દિવાની કાર્યરીતી ૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧(ડી) મુજબની અરજી કાર્યવાહી પૂર્ણ થયા પહેલા દાવાના કોઈ પણ તબકકે આપી શકાય છે. હાલનો દાવો પણ હાલ વાદીના દલીલ માટે રાખવામાં આવેલ છે. અને હાલ દાવાની કાર્યવાહી પૂર્ણ થયેલ નથી. માટે અત્રેની કોર્ટને આ તબકકે હુકમ ૭ નિયમ ૧૧ મુજબ સતા હોવાનુ માનીને ગુણદોષ પર નિર્ણય કરવામાં આવે છે.

(૫) હવે જયારે વાદી કોર્પોરેશ બેંક છે ત્યારે વાદીએ પ્રતિવાદીની સાથે જે કહેવાતો લોનનો વ્યવહાર કરેલ છે તે વાદીની બેંકની કામગીરી છે. અને બેંકની કામગીરી અંતર્ગત પ્રતિવાદી નં ૧ ને લોન આપેલ છે. માટે આવો વ્યવહાર કોમર્શીયલ ડીસ્પ્યુટ એટલેકે વાણીજયક તકરાર કહેવાય કે કેમ? તે માટે **Commercial court act 2015, section 2(c)** ને વંચાણે લઈએ, જે સરળતા ખાતર નીચે મુજબ ટાંકવામાં આવેલ છે.

## Commercial court act 2015.

**Section 2**

(a) xxxx

(b) xxxxx

(*c*) “commercial dispute” means a dispute arising out of—

(*i*) ordinary transactions of merchants, **bankers,** financiers and traders such as those relating to mercantile documents, including enforcement and interpretation of such documents;

(*ii*) export or import of merchandise or services;

(*iii*) issues relating to admiralty and maritime law;

(*iv*) **transactions relating to** aircraft, aircraft engines, aircraft equipment and helicopters, including sales, leasing and **financing of the same;**

(*v*) carriage of goods;

(*vi*) construction and infrastructure contracts, including tenders;

(*vii*) agreements relating to immovable property used exclusively in trade or commerce;

(*viii*) franchising agreements;

(*ix*) distribution and licensing agreements;

(*x*) management and consultancy agreements;

(*xi*) joint venture agreements;

(*xii*) shareholders agreements; outsourcing services and financial services;

(*xiv*) mercantile agency and mercantile usage;

(*xv*) partnership agreements;

(*xvi*) technology development agreements;

(*xvii*) intellectual property rights relating to registered and unregistered trademarks, copyright, patent, design, domain names, geographical indications and semiconductor integrated circuits;

(*xviii*) agreements for sale of goods or provision of services;

(*xix*) exploitation of oil and gas reserves or other natural resources including electromagnetic spectrum;

(*xx*) insurance and re-insurance;

(*xxi*) contracts of agency relating to any of the above; and

(*xxii*) such other commercial disputes as may be notified by the Central Government.

*Explanation*.—A commercial dispute shall not cease to be a commercial dispute merely because—

(*a*) it also involves action for recovery of immovable property or for realisation of monies out of immovable property given as security or involves any other relief pertaining to immovable property;

(*b*) one of the contracting parties is the State or any of its agencies or instrumentalities, or a private body carrying out public functions;

આમ, ઉપર મુજબની કલમ ૨ (સી) વંચાણે લેતા (i) માં જણાવેલ છે કે આવો વ્યવહાર કે જે બેંકને લગતો હોય તેમજ (iv) એવો કોઈ વ્યવહાર કે જે નાણાકીય બાબતને લગતો હોય તેવા વ્યવહારોને **Commercial Dispute** કહી શકાય. આ દાવા અરજી તથા સંલગ્ન દસ્તાવેજોને વંચાણે લેતા દાવાના વ્યવાહારને **Commercial Dispute** એટલેકે વાણીજયક તકરાર માનવામાં આવે છે.

હવે જયારે ખરેખર વાણીજયક વ્યવહાર હોવા અંગેનુ અત્રેની કોર્ટનો અભિપ્રાય બનેલ છે. ત્યારે સવાલ બીજા નંબર પર આવે છે કે ત્યારબાદ શુ અત્રેની કોર્ટને **Commercial court act** મુજબ **Commercial Dispute** એટલેકે વાણીજયક તકરારોની કાર્યવાહી ચલાવવાની સતા છે કે કેમ? શુ તે માટે પણ કેસની કાર્યવાહી ચલાવવાની સતા નોટીફીકેશનથી જાહેર કરેલ કોર્ટને રહે છે. તે માટે **Commercial court act** ની કલમ ૩, ૬, ૧૨ (અ) ને એક સાથે અંહી સરળતા ખાતર નિરૂપણ કરવામાં આવેલ છે.

## **Commercial court act 2015.**

**SECTION 3. Constitution of Commercial Courts.—**(*1*) The State Government, may after consultation with the concerned High Court, by notification, constitute such number of Commercial Courts at District level, as it may deem necessary for the purpose of exercising the jurisdiction and powers conferred on those Courts under this Act:

Provided that with respect to the High Courts having ordinary original civil jurisdiction, the State Government may, after consultation with the concerned High Court, by notification, constitute Commercial Courts at the District Judge level

Provided further that with respect to a territory over which the High Courts have ordinary original civil jurisdiction, the State Government may, by notification, **specify such pecuniary value**

==========================================================

**<u>which shall not be less than three lakh rupees</u>** and not more than the pecuniary jurisdiction exercisable by the District Courts, as it may consider necessary.

(*1A*) Notwithstanding anything contained in this Act, the State Government may, after consultation with the concerned High Court, by notification, specify such pecuniary value which shall not be less than three lakh rupees or such higher value, for whole or part of the State, as it may consider necessary.;

(*2*) The State Government shall, after consultation with the concerned High Court specify, by notification, the local limits of the area to which the jurisdiction of a Commercial Court shall extend and may, from time to time, increase, reduce or alter such limits.

(*3*) The [4][State Government may], with the concurrence of the Chief Justice of the High Court appoint one or more persons having experience in dealing with commercial disputes to be the Judge or Judges, of a Commercial Court either at the level of District Judge or a court below the level of a District Judge.

**Section 6. Jurisdiction of Commercial Court.—**The Commercial Court shall have jurisdiction to try all suits and applications relating to a commercial dispute of a Specified Value arising out of the entire territory of the State over which it has been vested territorial jurisdiction.

*Explanation*.—For the purposes of this section, a commercial dispute shall be considered to arise out of the entire territory of the State over which a Commercial Court has been vested jurisdiction, if the suit or application relating to such commercial dispute has been instituted as per the provisions of sections 16 to 20 of the Code of Civil Procedure, 1908 (5 of 1908).

**X=X=X=X=X**

આમ, કલમ ૩ વંચાણે લેતા એટલુ સ્પષ્ટ થાય છે કે જયારે વાણીજયક તકરારમાં વ્યવહારનુ મુલ્ય જો ત્રણ લાખ કરતા વધુ હોય તો જે તે ડેસીગ્જેનેટ કોર્ટ કે જે નોટીફીકેશનની જાહેર કરવામાં આવે છે તેને તેવા વાણીજયક તકરારના કેસો ચલાવવાની સતા રહે છે. હાલના કેસમાં નાણાકીય વ્યવહારનુ મુલ્ય વાદીએ તેની દાવાઅરજીના મથાળામાં તથા દાવાઅરજીમાં જણાવ્યા મુજબ **<u>રૂા.૪, ૫૧,૨૦૫/–</u>**

==========================================================

**<u>અંકે ચાર લાખ એકાવન હજાર બસો પાંચ પુરા</u>** પુરા દર્શાવેલા છે. જેથી દાવાનો આંક મુજબ કલમ ૬ વં ચાણે લેતા એ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, સ્પેશીલ ડેસીગ્નેટેડ કોમર્શીયલ કોર્ટને જ હાલનો દાવો ચલાવવાની સતા રહે છે. તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

## <u>Commercial court act 2015.</u>

**Section. 12A. Pre-Institution Mediation and Settlement—**

(*1*) A suit, which does not contemplate any urgent interim relief under this Act, **<u>shall not be instituted</u>** unless the plaintiff exhausts the remedy of pre-institution mediation in accordance with such manner and procedure as may be prescribed by rules made by the Central Government.

(*2*) The Central Government may, by notification, authorise the Authorities constituted under the Legal Services Authorities Act, 1987 (39 of 1987), for the purposes of pre-institution mediation.

(*3*) Notwithstanding anything contained in the Legal Services Authorities Act, 1987 (39 of 1987), the Authority authorised by the Central Government under sub-section (*2*) shall complete the process of mediation within a period of three months from the date of application made by the plaintiff under sub-section (*1*):

Provided that the period of mediation may be extended for a further period of two months with the consent of the parties:

Provided further that, the period during which the parties remained occupied with the pre-institution mediation, such period shall not be computed for the purpose of limitation under the Limitation Act, 1963 (36 of 1963).

(*4*) If the parties to the commercial dispute arrive at a settlement, the same shall be reduced into writing and shall be signed by the parties to the dispute and the mediator.

(*5*) The settlement arrived at under this section shall have the same status and effect as if it is an arbitral award on agreed terms under sub-section (*4*) of section 30 of the Arbitration and Conciliation Act, 1996 (26 of 1996).

**X=X=X=X=X**

==========================================================================

આમ, કોમર્શીયલ કોર્ટ એકટની કલમ ૧૨(અ) વંચાણે લેતા એટલુ સ્પષ્ટ થાય છે કે, જયારે વાણીજયક તકરારમાં વ્યવહારનુ મુલ્ય જો ત્રણ લાખ કરતા વધુ હોય તો તેવા કેસોની કાર્યવાહી કોર્ટમાં ચાલુ કરતા પહેલા ફરજીયાત પણે **<u>પ્રીઈન્સ્ટીટયુશન મીડીએશન</u>** માટે મોકલવાનો રહે છે. કારણકે કલમ ૧૨(અ)(૧) માં શબ્દો **<u>“Shall not be instituted”</u>** લખાયેલા છે. જેથી તે કાર્યવાહીને અનુસર્યા વગર દાવો દાખલ થઈ શકે જ નહી. અત્રે એ ઉલલેખનીય છે કે કોમર્શીયલ કોર્ટ એકટ કલમ ૧૨ (અ) ની જોગવાઈ તા. ૦૩/૦૫/૧૮ ના રોજ અમલમાં આવેલ છે. જયારે દાવો **<u>તા. ૧૩/૦૯/૨૩</u>** ના રોજ દાખલ કરવામાં આવેલ છે. દાવો દાખલ કરતી સમયે કલમ ૧૨(અ) ની જોગવાઈ અમલમાં હતી. આમ છતા વાદી દવારા આ કાર્યવાહી  કરવામાં આવેલ નથી. જે મેન્ડેટરી કાનુની જોગવાઈનો ભંગ ગણાય અને મેન્ડેટરી કાનુની જોગવાઈઓનો ભંગ કરીને દાખલ કરવામાં આવેલો દાવો કદાપી ચાલી શકે નહી, ટકી શકે નહી. એમ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૬) Thus, in a nutshell, The Commercial Court act 2015, Section 12 (A) provision is a Statutory Provision and no court, no parties of the suit can bypass this pre institution mediation process. It is compulsory for all parties of the suit wherein designated commercial court has pecuniary jurisdiction.

આમ, વાદીના દાવાને Commercial court act 2015, Section 3, 6, 12(A) મુજબની જોગઢવાઈનો બાધ નડતો હોય, જેથી ન્યાય ના વિશાળ  હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય અને ન્યાયી માનુ છું.

==========================================================================

## –:આખરી હુકમ:–

==========================================================================

(૧) વાદીનો દાવો દીવાની કાર્યરીતિ સંહીતાની હુકમ ૭ અને નિયમ ૧૧ (ડી) મુજબ રજ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૭ મી, માહે **<u>ડીસેમ્બર</u>**, સને–**<u>૨૦૨૩</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો .

==========================================================================

**તારીખ:27/12/2023**

**સ્થળ: સોનગઢ.**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**

જજ કોડ નં. જીજે ૦૧૪૩૪.

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.